સોનાલી આર.ગામીત
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૧/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી સાગર કે.ગલાણી
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી સાગર કે.ગલાણીની તા.૧૯/૦૩/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૯૨૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૦૪/૦૫/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૧.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૭, તા.૦૭/૦૫/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૧૩૮, તા.૦૭/૦૫/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં.
(૧)જીએડી/ઈએસટી/ આર/૧૫૭,તા.૧૦/૦૫/૨૦૨૨.
(૨)જીએડી/ઈએસટી/આર/૧૭૯,તા.૨૦/૦૫/૨૦૨૨.
(૩)જીએડી/ઈએસટી/આર/૨૦૭,તા.૨૬/૦૫/૨૦૨૨.

અરજદાર શ્રી સાગર કે.ગલાણીની મુળ આઈ.ડી. નં.૯૨૭, તા.૧૯/૦૩/૨૦૨૨ જાહેર માહિતી અધિકારી,સુરત મહાનગરપાલિકા સુરતને સંબોધીને પૂર્વઝોન(વરાછા)માં અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને આસી.લો. ઓફિસર,પૂર્વઝોન(વરાછા)ના પત્ર ક્રમાક ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/જાવક નં. ૧૭૫૨,તા.૨૨/૦૩/૨૦૨૨ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૫૮૦ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૫, તા.૧૬/૦૪/૨૦૨૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પર્સોનેલ ઓફિસર શ્રી (આર), મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ મધ્યસ્થ મહેકમ, રીક્રુટમેન્ટ વિભાગમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે ઈનવર્ડ નં.૨૭૩,તા.૦૪/૦૫/૨૦૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ બાંધ મારી માંગવામાં આવેલ માહિતી અવરોધ થતો નથી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં અવેલ માહિતી " સુરત મહાનગરપાલિકા ધ્વારા ડેપ્યુટી એકાઉન્ટન્ટ પોસ્ટની ભરતી બાબતે સાલ ૧૯૬૬ થી ૨૦૨૨ સુધીમાં લેવાયેલ પરીક્ષાનો અભ્યાસક્રમ અને પેપરની નકલની માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/આર/૩૫, તા.૧૬/૦૪/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૩૭, તા.૦૭/૦૫/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૧૩૮, તા.૦૭/૦૫/૨૦૨૨થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં

તેઓના જણાવ્યા મુજબ તા.૧૯/૦૩/૨૦૨૨ ની આઈ.ડી.નં.૯૨૭ અન્વયે ડેપ્યુટી એકાઉન્ટન્ટ પોસ્ટની ભરતી સાલ ૧૯૬૬ થી ૨૦૨૨ સુધીમાં લેવાયેલ પરીક્ષાનો અભ્યાસક્રમ અને પેપરની નકલ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૫૭, તા.૧૦/૦૫/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદારશ્રી તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી. તેમજ બીજી તક આપવા અંગેની તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ –અરજી કરવામાં આવેલ છે.જેના અનુસંધાનમા અરજદારશ્રીને વધુ તક આપવા તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ. સદર મુદતે અરજદારશ્રી હાજર રહેલ હતા તેમજ મધ્યસ્થ મહેકમ(આર.)ના અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર પણ હાજર હતા, પરંતુ વહીવટી કાર્યવાહી અર્થે અપીલ અધિકારી ઉપરી અધિકારી સમક્ષ વ્યસ્ત હોવાથી બપોરે ૧૨:૩૦ કલાકે ઓફિસમાં હાજર રહેલા અને અરજદારને અપીલની સુનાવણી અન્વયે રજુઆત કરવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદારશ્રીએ સમય ન હોવાનુ કારણ જણાવી સુનાવણીમાં રજુઆત કરવામાં આવેલ નહી અને તા.૨૭/૦૫/૨૦૨૨ પછીની કોઈ પણ તારીખ આપવા અંગેની તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગમાં અરજી કરવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારશ્રીને અપીલમાં વધુ એક તક આપવા તા.૩૧/૦૫/૦૨૨ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામા આવેલ, સદર અપીલ અન્વયે રૂબરૂ સુનાવણીમા હાજર રહેલ છે. સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા "(૧)કયા કારણોસર જાહેર માહિતી અધિકારી અરજીનો અસ્વિકાર કર્યો ? એમ પૂછવામાં આવેલ જે બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ જીએડી/ઈએસટી/આર/૩૫,તા.૧૬/૦૪/૨૦૨૨ થી પાઠવવામાં આવેલ પૂર્તતામાંથી સંદર્ભ મેળવી લેવાનુ જાણાવવામાં આવેલ છે.(૨)માહિતીને જાહેર ગતીવિધિ સાથે સીધો સંબંધ છે, માહિતીમાં વિશ્વાસ મત સાબીત થતો નથી, જે સુપ્રિમકોર્ટનો ICAI VS શૌનિક એસ.સત્યાનો કેસમાં એકઝામીનેશન બોડી RTI ના કાયદામાં આવી જાય છે એમ સુપ્રિમ કોર્ટ ધ્વારા જણાવવામાં આવેલ છે. (૩)જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ૨૦૧૯ થી લેવાયેલ દરેક પરીક્ષાના પ્રશ્નપત્ર જે તે ઉમેદવારોને આપી દેવામાં આવે છે જેના સંદર્ભે અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી પાસે અરજદારના સવાલનો જવાબ નથી એવુ જણાવવામાં આવેલ છે." વધુમાં અરજદારશ્રીએ તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગમાં સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ,જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી ધ્વારા થયેલ ચર્ચાની તમામ વિગત રોજકામમાં નોંધણી કરવી અને તેની નકલ સુનાવણી પૂર્ણ થયેથી સહી અને સિકકા સાથે આપવાની વિનંતી કરતી અરજી કરવામાં આવેલ છે.જે બાબતે અરજદારશ્રીને તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ સુનાવણી અંગેના રોજકામની નકલ પુરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સાગર કે.ગલાણી દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી. તેમજ તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ અરજદારશ્રી હાજર રહેલ હોય પરંતુ વહીવટી કાર્યવાહી અર્થે ઉપરી અધિકારી સમક્ષ વ્યસ્ત હોવાથી બપોરે ૧૨:૩૦ કલાકે ઓફિસમાં હાજર રહી અરજદારને અપીલની સુનાવણી અન્વયે રજુઆત કરવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદારશ્રીએ સમય ન હોવાનુ કારણ જણાવી સુનાવણીમાં રજુઆત કરવામાં આવેલ નથી અને તા.૨૭/૦૫/૨૦૨૨ પછીની કોઈ પણ તારીખ આપવા અંગેની તા.૨૪/૦૫/૨૦૨૨ ના

રોજ કરવામાં આવેલ અરજીના અનુસંધાને અરજદારશ્રીને તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રી હાજર રહેલ, અરજદારશ્રી સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતી અન્વયે રજુઆતમાં માહિતી જાહેર ગતિવિધિ સાથે સીધો સંબંધ છે, માહિતીમાં વિશ્વાસ મત સાબીત થતો નથી, જે સુપ્રિમકોર્ટનો ICAI VS શૌનિક એસ.સત્યાનો કેસમાં એકઝામીનેશન બોડી RTI ના કાયદામાં આવી જાય છે એમ સુપ્રિમ કોર્ટ ધ્વારા જણાવવામાં આવેલ છે અને જાહેર માહિતી અધિકારી પાસે સવાલનો જવાબ જ નથી. એમ જણાવવામાં આવેલ છે. અરજદારશ્રી ધ્વારા આઈ.ડી.૯૨૭,તા.૧૯/૦૩/૨૦૨૨ માં માંગવામાં આવેલ સુરત મહાનગરપાલિકા ધ્વારા ડે.એકાઉન્ટન્ટની ભરતી અન્વયે ૧૯૬૬ થી ૨૦૨૨ સુધીમાં લેવાયેલ પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષા પેપરની નકલની માહિતી અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પર જરૂરી ચકાસણી કરી દિન –૭ માં વિના મૂલ્યે પુરા પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૨૬૨
સુરત. તા. ૦૩/૦૬/૨૦૨૨

(સોનાલી આર.ગામીત)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી સાગર કે.ગલાણી, પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૨/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી તલ્હા ચાંદીવાલા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૯/૦૩/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૩૧૨૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૬/૦૬/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૨.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૨૦, તા.૨૦/૦૬/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૩૨૧, તા.૨૦/૦૬/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. (૧)જીએડી/ઈએસટી/ આર/૩૩૫,તા.૨૧/૦૬/૨૦૨૨.

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની મુળ આઈ.ડી. નં.૩૧૨૯, તા.૨૯/૦૩/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી)ના પત્ર નં.સી/આર.ટી.આઈ./૬૩૨, તા.૩૧/૦૩/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૬૧૪ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૯ ની માહિતી બાબતે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪, તા.૨૭/૦૪/૨૦૨૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી પત્ર નં.સી.સી.સી./સે.ઝોન/આઉટ/૧૭૪(૧),તા.૧૭/૦૬/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે ઈનવર્ડ નં.૬૨૮,તા.૧૮/૦૬/૨૦૨૨ થી નોંધાયેલ છે.જેમાં તેઓએ અપીલ તબકકે " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે તેથી બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી નિયમ સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં અવેલ માહિતી " ઉમેશચંદ્ર બાબુભાઈ પટેલની ભરતી સમયે શૈક્ષણિક લાયકાત દર્શાવતા રજુ કરવામાં આવેલ પ્રમાણપત્રોની નકલની માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/આર/૬૪, તા.૨૭/૦૬/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૨૦, તા.૨૦/૦૬/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૨૧, તા.૨૦/૦૬/૨૦૨૨થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૯/૦૬/૨૦૨૨ ની આઈ.ડી.નં.૩૧૨૯ અન્વયે મુદ્દા નં. ૯ માં માંગવામાં આવેલ માહિતી અન્વયે સુરત મહાનગરપાલિકામાં જે–તે જગ્યાની ભરતી અંગેની કાર્યવાહી અત્રેના ખાતા લેવલે કાર્યવાહી પૂર્ણ થતા તમામ પેપર્સ તથા અરજદારોની ઉમેદવારી અરજી સહિતની મૂળ ફાઈલ અત્રેથી મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલી આપવામાં આવે છે, જેથી માંગ્યા મુજબની માહિતી /રેકર્ડ અત્રેના વિભાગમાં ઉપલબ્ધ નથી. જેથી અત્રેના વિભાગની માહિતી "નીલ " છે. સદર અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રથમથી જ તબદીલ કરવામાં આવેલ છે જેથી મધ્યસ્થ મહેકમ વિભાગનો સંપર્ક કરવા વિનંતી. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૩૩૫, તા.૨૧/૦૬ /૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર) અને ડે.એકાઉન્ટન્ટ તથા જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી " મુદ્દા નં. ૯ માં જે માહિતી માંગી છે તેમાં નિરીક્ષણ દરમ્યાન ફાઈલ નોટીંગ કરવા સમય આપશો." એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા દ્વારા તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, સુનાવણી દરમ્યાન મુદ્દા નં. ૯ માં માંગવામાં આવેલ માહિતી નિરીક્ષણ દરમ્યાન ફાઈલ નોટીંગ કરવા અંગે જણાવેલ છે. સબબ, અરજદારશ્રી માંગ્યા મુજબના પ્રમાણપત્રો અત્રેથી ભરતી પ્રક્રિયા પુર્ણ થયેથી પસંદગી/પ્રતિક્ષાયાદીમાં દર્શાવેલ ઉમેદવારોની અરજી અને શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો મધ્યસ્થ મહેકમ વિભાગને જમા કરવામાં આવે છે. જેથી તમામ પ્રમાણપત્રો તેઓની કસ્ટડી હેઠળ હોય તેમજ અરજદારશ્રીની મૂળ આઈ.ડી. ૩૧૨૯,તા.૨૯/૦૩/૨૦૨૨ની અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને મધ્યસ્થ કચેરી તરફથી તબદીલ કરવામાં આવેલ છે તેમજ અપીલ અરજી પણ મધ્યસ્થ મહેકમ વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ છે.સદર માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગમાં ઉપલબ્ધ ન હોય મુદ્દા નં.૯ ની માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ)એ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગને પત્ર પાઠવી સદર બાબતે આર.ટી.આઈ. એકટની જોગવાઈઓ ધ્યાને લઈ મુદ્દા નં.૯ અંગે પૂર્તતા કરવા જણાવવુ. આમ પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૪૦૫
સુરત. તા. ૦૪/૦૭/૨૦૨૨

( અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૩/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી સાગર કે.ગલાણી.
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી સાગર કે.ગલાણીની તા.૧૪/૦૬/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૧૭૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૨૬/૦૭/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૩.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૫૬, તા.૨૭/૦૭/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૫૫૯, તા.૨૮/૦૭/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. (૧)જીએડી/ઈએસટી/ આર/૫૮૧,તા.૦૧/૦૮/૨૦૨૨.

અરજદાર શ્રી સાગર કે.ગલાણીની મુળ આઈ.ડી. નં.૧૭૬, તા.૧૪/૦૬/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર પૂર્વ ઝોન ખાતે અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર,પૂર્વઝોન(વરાછા)ના પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૨૯૯,તા.૧૭/૦૬/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ છે.જે ઈનવર્ડ નંબર ૬૪૯ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી માટે નિયત નમુના –ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૮,તા. ૨૨/૦૬/૨૦૨૨ થી સેક્રટરી વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે તેમજ અત્રેના વિભાગને લાગત માહિતી બાબતે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૨૫,૪૨૬, તા.૦૬/૦૭/૨૦૨૨ થી અને જીએડી/ઈએસટી/ આર/૫૧૯,તા.૧૬/૦૭/૨૦૨૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે ઈ મેઈલ મારફત મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગમાં તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી ઈનવર્ડ નં. ૯૯૦,તા.૨૬/૦૭/૨૦૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " અમોને તા.૨૮/૦૮/૨૦૧૬ ના રોજ લેવામાં આવેલ આસી.એકાઉન્ટન્ટ પરીક્ષા બાબત અભ્યાસક્રમ આપવામાં આવેલ છે જયારે લેખિત પરીક્ષાનું પેપર આપેલ નથી. જે રેકર્ડમાં ઉપલબ્ધ છે કારણ કે સદર પરીક્ષાનું પેપર ઉમેદવાર પાસેથી પરત લઈ લેવામાં આવેલ હતુ. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકા કોર્પોરેશન દ્વારા (૧)ચીફ ઓડીટર(૨) ચીફ એકાઉન્ટન્ટ(૩) પર્સોનેલ ઓફિસર(૪) આકારણી અને રીકવરી ઓફિસર(૫)આસી.એકાઉન્ટન્ટ(૬)ડે.ઓડીટર(૭) સેક્રટરી(૮) લેબ ટેકનીશયન પોસ્ટની ભરતી સાલ ૧૯૬૬ થી હાલ સુધીમાં લેવાયેલ પરીક્ષાનો અભ્યાસક્રમ અને પરીક્ષા પેપરની નકલની માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૪૨૫,૪૨૬, તા.૦૬/૦૭/૨૦૨૨ અને જીએડી/ઈએસટી/આર/૫૧૯ તા.૧૬/૦૭/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૫૫૬,તા.૨૭/૦૭/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૫૯, તા.૨૮/૦૭/૨૦૨૨થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૪/૦૬/૨૦૨૨ ની આઈ.ડી.નં.૧૭૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજદારશ્રીને જીએડી/ઈએસટી/આર/૪૨૬,તા.૦૬/૦૭/૨૦૨૨ થી માહિતી/દસ્તાવેજો મેળવવા ચાર્જીસ ભરપાઈ અંગે જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદાર ધ્વારા પૂર્વ(વરાછા) ઝોનમાં તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ રસીદ નં. ૯૦૦/૩૫ થી રૂા.૨૪૦/– જમા કરવામાં આવેલ છે. સદર જમા કરવામાં આવેલ રસીદ અંગેનો પત્ર ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં. ૩૧૪,તા. ૧૪/૦૭/૨૦૨૨ થી અત્રે મોકલવામાં આવેલ, જે તા. ૧૬/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ છે. જેના સંદર્ભે અત્રેથી જીએડી/ઈએસટી/આર/૫૧૯, તા.૧૬/૦૭/૨૦૨૨ થી માહિતી/દસ્તાવેજો પાના નંગ –૧૨૦ અરજદારશ્રીને ટપાલ મારફતે કવર રવાના કરવા તૈયાર કરવામાં આવેલ, પરંતુ અરજદારશ્રી તા. ૧૮/૦૭/૨૦૨૨ ના રોજ રૂબરૂ માહિતી/દસ્તાવેજો મેળવવા કચેરીમાં રૂબરૂ હાજર રહેલ હોય, અરજદારશ્રીને તા. ૧૮/૦૭/૨૦૨૨ ના રોજ પુરા પાડવામાં આવેલ છે. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૫૮૧, તા.૦૧/૦૮/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨ઃ૦૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર) અને ડે.એકાઉન્ટન્ટ તથા જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી " મૂળ અરજી(તા.૧૪/૦૬/૨૦૨૨) ના મુદ્દા નં. ૧ માં માંગવામાં આવેલ દસ્તાવેજી માહિતીની માંગણી કરવામાં આવેલ. દસ્તાવેજી પુરાવામાંથી આસી. એકાઉન્ટન્ટના પ્રશ્નપત્રની માંગણી કરવામાં આવેલ છે.સદર રજુઆત અન્વયે મુદ્દા નં.૧ માં (૧) ચીફ ઓડીટર (૨)ચીફ એકાઉન્ટન્ટ (૩) પર્સોનેલ ઓફિસર(૪)આકારણી અને રીકવરી ઓફિસર(૬)ડે. ઓડિટર(૭) સેક્રટરી(૮) લેબોરેટરી ટેકનીશયનની વિગતો અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ નાણાં ભર્યેથી ઉપલબ્ધ માહિતી દસ્તાવેજી નકલ પાના નંગ –૧૨૦ અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. અરજદારશ્રીની સદર અપીલમાં જણાવ્યા મુજબ(૫) આસી.એકાઉન્ટન્ટ કેડરની ભરતી અન્વયેના લેખિત અભ્યાસક્રમ તથા પરીક્ષાના પેપર મળેલ નથી જે પૈકી અરજદારશ્રીને આસી.એકાઉન્ટન્ટના અભ્યાસક્રમની માહિતી/કાગળોની નકલ આપવામાં આવેલ છે. જયારે સદર કેડરના પેપરના દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ ન હોવાના કારણસર આપી શકાય તેમ નથી. સદર અરજદારશ્રીની અપીલ એ હતી કે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તો જે તે કર્મચારીએ એફીડેવીટ કરી અરજદારને જાણ કરવી જરૂરી છે. તે સંદર્ભમાં કેસ ગુજરાત માહિતી આયોગના કમિશનરશ્રી બળવંત સિંહ સાહેબનો ચુકાદો લાગુ પડતી કલમ(૨)(F) અપીલ નં. એ–૦૭૩૨/૧૧–૧૨ તા.૩૧/૦૩/૨૦૧૩ સંદર્ભે કેસમાં ગુજરાત માહિતી આયોગનો એવો હુકમ હતો કે કર્મચારી કચેરીમાં સંબંધિત રેકર્ડ શોધવા પ્રયત્ન કરે તેમ છતાં કચેરીમાં કાગળ ઉપલબ્ધ ન હોય તો કર્મચારી આયોગ સમક્ષ એફીડેવીટના રૂપમાં અહેવાલ મોકલે કે તેમની કચેરીમાં સંબંધિત કાગળો શોધવા શુ પ્રયત્ન કરવામાં આવેલ સદરહુ એફીડેવીટની નકલ અરજદારને પણ મોકલવામાં આવે તેવો આદેશ ગુજરાત માહિતી આયોગ ધ્વારા કરવામાં આવેલ તો આ કેસ સંદર્ભે અધિકારીએ અરજદારને એફીડેવીટ રજુ કરેલ નથી એફીડેવીટ રજુ કરવા નમ્ર વિનંતી છે અરજદાર ધ્વારા." એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સાગર કે.ગલાણી દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, સુનાવણી દરમ્યાન અરજદારશ્રી દ્વારા મુદ્દા નં. ૧ માં માંગવામાં આવેલ માહિતી અન્વયે આસી. એકાઉન્ટન્ટના પ્રશ્નપત્રની નકલ મળેલ નથી તેમજ ગુજરાત માહિતી આયોગના કમિશનરશ્રી બળવંત સિંહ સાહેબના ચુકાદો લાગુ પડતી કલમ(૨)(F) અપીલ નં. એ–૦૭૩૨/૧૧–૧૨ તા.૩૧/૦૩/૨૦૧૩ ના ચુકાદા મુજબ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તો જે તે કર્મચારીએ એફીડેવીટ કરી અરજદારને જાણ કરવી જરૂરી છે આમ એફીડેવીટ રજુ કરવા નમ્ર વિનંતી એમ જણાવેલ છે. સદર બાબતે જણાવવાનું કે, અરજદાર દ્વારા તેઓની અરજીમાં દર્શાવવામાં આવેલ ૮ કેડર પૈકીની ૭ કેડરના દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે બાકી રહેતી માત્ર એક કેડર(આસી.એકાઉન્ટન્ટ)માં પ્રશ્નપત્ર ઉપલબ્ધ ન હોવાના કારણોસર નકલ આપી શકેલ નથી જયારે આસી.એકાઉન્ટન્ટની એક માત્ર કેડરના બાકીના દસ્તાવેજોની નકલ અરજદારને તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે.વધુમાં ગુજરાત માહિતી આયોગના કમિશનરશ્રી બળવંત સિહ સાહેબના ચુકાદાના કેસમાં તે કેસમાં કાગળો ન ઉપલબ્ધ થાય તો તેવા કાગળો શોધવા અંગેની કરવામાં આવેલ કાર્યવાહીની એફીડેવીટ આયોગને આપવા તથા તેની નકલ અરજદારને આપવાનુ તે કેસમાં આયોગ ધ્વારા જણાવવામાં આવેલ છે. જે સદર અરજીના કિસ્સામાં લાગુ પડતુ નથી. અરજદારશ્રીને અત્રેથી ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી આર.ટી.આઈ. એકટની જોગવાઈઓ મુજબ પુરી પાડવામાં આવેલ છે. આમ પ્રથમ અપીલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૬૪૨
સુરત. તા.૧૨/૦૮/૨૦૨૨

(અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી સાગર કે.ગલાણી પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૪/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી દિપક પટેલ.
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૪/૦૬/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૪૩૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૪.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૯૫, તા.૦૨/૦૮/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૬૩૨, તા.૦૮/૦૮/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. (૧)જીએડી/ઈએસટી/ આર/૬૩૭,તા.૧૦/૦૮/૨૦૨૨ અને (૨)જીએડી/ઈએસટી/ આર/૭૧૫,તા.૨૬/૦૮/૨૦૨૨.

અરજદાર શ્રી દિપક પટેલની મુળ આઈ.ડી. નં.૪૩૪, તા.૨૪/૦૬/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સાઉથ ઝોન ખાતે અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન(પૂર્વઝોના)ના પત્ર નં.સા.ઝોન/ટેક/ ૮૧૪,તા.૨૮/૦૬/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જેની નકલ ફરિયાદીને પણ મળેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૧/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૭૩૨ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી બાબતે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૩૮, તા.૨૦/૦૭/ ૨૦૨૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે અપીલ અધિકારીશ્રી,પર્સોનેલ ઓફિસરશ્રી(આર.) સંબોધીને નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોન ખાતે તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી પત્રનં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/ ૨૯૬,તા.૦૧/૦૮/૨૦૨૨ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે જે તા. ૦૧/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નં.૧૦૫૧,થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " પી.આઈ.ઓ. શ્રી ધ્વારા તા.૨૦/૦૭/૨૦૨૨ પત્ર નં.૫૩૮ થી માત્ર મુદ્દા નં.૧૦ની માહિતી આપી છે. બાકીના એક પણ મુદ્દાની માહિતી આપી નથી માહિતી ન આપવાના કોઈ તાર્કીક કારણ આધાર પણ જણાવેલ નથી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં. ૧ થી ૧૨ પૈકી અત્રેના ખાતાને લાગત " કચેરીના માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અધિકારીશ્રીના નામ હોદ્દા સરનામાં ફોન નંબર,ઈ– મેઈલ નંબરની માહિતી RTI CELL એકાઉન્ટનામ,એકાઉન્ટ નંબરની માહિતીની માંગણી કરવામાં આવેલ " જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/ ૫૩૮, તા.૨૦/૦૭/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૫૯૫,તા.૦૨/૦૮/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા

અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૩૨, તા.૦૮/૦૮/૨૦૨૨ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૪/૦૬/૨૦૨૨ ની આઈ.ડી.નં.૪૩૪ મૂળ અરજી અત્રેના વિભાગમાં આંશિક તબદીલ કરવામાં આવેલ છે જેમાં મુદ્દા નં ૧ થી ૯ અને ૧૧ માં માગવામાં આવેલ માહિતી RCPS એકટ–૨૦૧૩ સંબધિત છે. જે આ વિભાગને લાગુ પડતો નથી, તેમજ માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત મુદ્દા નં ૧૦ ની માહિતી બાબતે અત્રેથી (૧)જાહેર માહિતી અધિકારીશ્રી – શ્રી કિરણ એન.ગાંધી, હોદ્દો – જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી(આર.)(૨)પ્રથમ અપીલ અધિકારીશ્રી–શ્રી અજય એચ.ભટ્ટ, હોદ્દો – અપીલ અધિકારીશ્રી અને ઈ.ચા. પર્સોનેલ ઓફિસરશ્રી (આર.) અને ડે.એકાઉન્ટન્ટ અને સરનામુ– મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ)વિભાગ, નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,એલ.આઈ.સી. ઓફિસની સામે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,સુરત.ફોન નં.– ૨૪૨૩૭૫૦ થી ૫૫(એક્ષ્ટ.નં.૨૬૦) ઈ–મેઈલ –Recruitment@suratmunicipal.org.RTI CELL એકાઉન્ટન્ટ નામ ,એકાઉન્ટન્ટ નંબરની મીહતી રેકર્ડ આધારીત માહિતી નીલ છે. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૬૩૭, તા.૧૦/૦૮/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૦/૦૮/૨૦૨૨ ના પત્ર અન્વયે તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે હાજર રહેલ નથી.પરંતુ તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ સુનાવણી બાબતે રજુઆત કરતી અરજી કરવામાં આવેલ છે.સદર રજુઆતમાં અમોએ કોઈ અભિપ્રાય કે માર્ગદર્શન માંગેલ નથી. અમોએ કોઈ સવાલ કર્યા નથી. અમોએ પ્રતિબંધિત શ્રેણીની માહિતી માંગી નથી.અમોએ સરકારી કાયદાનાં અમલ કરવામાં આવ્યો છે કે નહી તેની વ્યવસ્થા જવાબદારી અંગેની દસ્તાવેજી માહિતી માગી છે એમ જણાવેલ છે. સદર અપીલ અન્વયે રજુઆત કરવા વધુ એક તક આપવા અત્રેથી પત્રક્રમાંક જીએડી/ઈએસટી/આર/૭૧૫,તા.૨૬/૦૮/૨૦૨૨ થી તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ,જે સંદર્ભે અરજદારશ્રી તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ ૩ઃ૩૦ કલાકે હાજર રહેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી દિપક પટેલ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી સુનાવણીના પત્ર સંબધે તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહેલ નથી, તેમજ અપીલ અન્વયે રજુઆત કરવા વધુ એક તક આપવા તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ હતો. આમ છતાં અરજદારશ્રી સુનાવણીમાં તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહેલ નથી. અરજદારશ્રીની પ્રથમ સુનાવણીના પત્ર સંબધે તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ લેખિતમાં "અમોએ કોઈ અભિપ્રાય કે માર્ગદર્શન માંગેલ નથી. અમોએ કોઈ સવાલ કર્યા નથી. અમોએ પ્રતિબંધિત શ્રેણીની માહિતી માંગી નથી. અમોએ સરકારી કાયદાનાં અમલ કરવામાં આવ્યો છે કે નહી તેની વ્યવસ્થા જવાબદારી અંગેની દસ્તાવેજી માહિતી માગી છે રજુઆત કરતી અરજી કરવામાં આવેલ છે. સદર મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા આપવામાં આવેલ પૂર્તતા મુજબ અરજદારશ્રીની મૂળ અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં ૧ થી ૯ અને ૧૧ RCPS એકટ–૨૦૧૩ સંબધિત છે. જે આ વિભાગને લાગુ પડતો નથી, તેમજ માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત આંશિક મુદ્દા નં ૧૦ ની માહિતી અત્રેના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી

(રીક્રુટમેન્ટ) ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસાર માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, સદર પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૭૪૬
સુરત. તા. ૦૧/૦૯/૨૦૨૨

(અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી દિપક પટેલ, પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૫/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી ડો.રાજેશ વી.વાગડીયા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી ડો.રાજેશ વી.વાગડીયાની તા.૧૮/૦૭/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં૯૦૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૭/૦૮/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૫.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૮૨, તા.૨૨/૦૮/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૬૮૬, તા.૨૩/૦૮/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. (૧)જીએડી/ઈએસટી/ આર/૭૩૬,તા.૦૧/૦૯/૨૦૨૨ અને (૨) જીએડી/ઈએસટી/ આર/૭૮૪,તા.૧૩/૦૯/૨૦૨૨.

અરજદાર શ્રી રાજેશ વી.વાગડીયાની મુળ આઈ.ડી. નં.૯૦૮, તા.૧૮/૦૭/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૭/૦૭/૨૦૨૨ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૯૦૮,તા.૧૯/૦૭/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ) માં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ છે.જે ઈનવર્ડ નંબર ૯૩૭ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી બાબતે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૬૨, તા.૨૮/૦૭/૨૦૨૨ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે ઈ મેઈલ મારફત મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગમાં તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી ઈનવર્ડ નં. ૧૧૫૭, તા.૧૭/૦૮/૨૦૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " મારી માહિતી આર ટી આઈ – ૨૦૦૫ ની કલમ૮ (૧) (ટ) મુજબ સમાવેશ થતો નથી. જેથી મને સંદર્ભ (૧) મુજબ માંગવામાં આવેલ માહિતી વિના મૂલ્યે આપવા ,જા.મા.અ. અને સેકશન ઓફિસર રીક્રુટમેન્ટને વારંવાર આર.ટી.આઈ. અરજીના જવાબ અપીલમાં આપવાની ખોટી આદત પડેલ હોય તેવુ રેકર્ડ પરથી લાગે છે તે કારણસર મને માહિતી ન મળે ત્યા સુધી દિવસ દીઠ દંડ, મને માનસિક ત્રાસ બદલ યોગ્ય વળતર તેમજ આપશ્રીને યોગ્ય લાગે તે દાદ આપવા વિનંતી " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " મા.મ્યુ.કમિશ્નરશ્રીને સંબોધીને કરવામાં આવેલ અરજી તા.૨૯/૧૦/૨૦૨૧, તા.૧૦/૦૨/૨૦૨૨ અને તા.૧૭/૦૩/૨૦૨૨ ના સદર્ભે થયેલા તમામ નોટીંગ, નોંધ,વ્યવહારની નકલની માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૫૬૨, તા.૨૮/૦૭/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૮૨,તા.૨૨/૦૮/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી

/ઈએસટી/આર/૬૮૬, તા.૨૩/૦૮/૨૦૨૨થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૮/૦૭/૨૦૨૨ ની આઈ.ડી.નં.૯૦૮ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીમાં ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરની ભરતીના હોય, જે સદર અરજીના સમયગાળામાં ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોય, માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) મુજબ માહિતી આપી શકાય નહિ. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૭૩૬, તા.૦૧/૦૯/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨ઃ૩૦ કલાકે હાજર રહેલ નથી તેમજ સુનાવણીના પત્ર સંબધે ઈ મેઈલ મારફત તા.૧૮/૦૯/૨૦૨૨ પછીની તારીખે સુનાવણી કરવા અંગેની રજુઆત કરતી અરજી તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/ આર /૭૮૪,તા.૧૩/૦૯/૨૦૨૨ થી તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ છે. જે અરજદારશ્રીએ તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ ટપાલ રીસીવ કરવામાં આવેલ છે. પરંતુ અરજદાર ઉકત જણાવેલ તારીખ/સમયે હાજર રહેલ નથી. આમ સુનાવણી બાબતે બે તક આપવા છતાં અરજદારશ્રી હાજર રહેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રાજેશ વી.વાગડીયા દ્વારા ઈ મેઈલ ધ્વારા તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી , તેમજ અપીલ અન્વયે રજુઆત કરવા વધુ એક તક આપવા તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ હતો. જે અરજદારશ્રીએ તા. ૧૫/૦૯/૨૦૨૨ ના રોજ ટપાલ રીસીવ કરવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી સુનાવણીમાં તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ હાજર રહેલ નથી તેમજ પત્ર સંબંધિત લેખિતમાં જાણ કરવામાં આવેલ નથી.આમ અરજદારશ્રીને બે તક આપવા છતાં સુનાવણીમાં હાજર રહેલ નથી. આમ, પ્રથમ અપીલ અન્વયે અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ ન હોય, મધ્યસ્થ મહેકમ રીક્રુમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસાર માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૮૨૧
સુરત. તા. ૨૦/૦૯/૨૦૨૨

(અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી રાજેશ વી.વાગડીયા,પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૬/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી રમેશ કે.જાંગીડ
**સામાવાળા** :– સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય:– અરજદાર શ્રી રમેશ કે.જાંગીડની તા.૦૬/૦૮/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૫૦૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૦૬/૧૦/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૬.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૬૨, તા.૦૭/૧૦/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૬૫, તા.૦૭/૧૦/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૮૬૭,તા.૦૭/૧૦/૨૦૨૨

અરજદાર શ્રી રમેશ કે.જાંગીડની મુળ આઈ.ડી. નં.૫૦૫, તા.૦૬/૦૮/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ વેસ્ટ ઝોન ખાતે અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસર,ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગના પત્ર નં.એફઈએસ/આરટીઆઈ/આઉટ/૬૪૪,તા.૧૨/૦૮/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં આંશિક/સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૧૨/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૧૫૦ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી માટે નિયત નમુના–ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૫૧, તા.૦૨/૦૯/૨૦૨૨ થી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. તેમજ અત્રેના વિભાગને લાગત માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૫૦, તા.૦૨/૦૯/૨૦૨૨ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે.સદર અરજદારે નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનમાં તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી પત્ર નં. સીસીસી/સે.ઝોન/આઉટ/૫૮૨,તા. ૦૬/૧૦/૨૦૨૨ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. જે ઈનવર્ડ નં. ૧૫૪૦, તા.૦૬/૧૦/૨૦૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " (ક) નમુનો –ક નિયમ–૫(૧)(ક) રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના – ખ કે ગ માં પ્રતિભાવ મળ્યો નથી.(ખ)નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે.(નિયમ ૫(૧)(ખ)) અને (ગ) નિયત સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂના "ગ" માં પાઠવેલ જવાબ અરજદારને ગેરમાર્ગે દોરનારો છે. કેમ કે સબ ફાયર અફિસરની ભરતી સમયે પરીક્ષા લેનાર અધિકારી/કર્મચારીઓએ ફિઝીકલી ફિટ ના હોય તેવા ઉમેદવારોને પણ ફિઝીકલી ફિટ ગણાવીને ગેરરીતિ આચરેલી છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકામાં ફાયર વિભાગમાં સબ ફાયર ઓફિસરની ભરતીમાં અક્ષય રોહિતભાઈ પટેલની નિમણૂંક પહેલા તેમની શારીરિક પરીક્ષા લેનાર તથા તે સમયે હાજર રહેલ અધિકારીઓ તથા કર્મચારીઓના નામ,હોદ્દો,કર્મચારી નંબર સહિતની માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી અત્રેના ખાતાને લાગત અંશતઃ માહિતી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૭૫૦, તા.૦૨/૦૯/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે અને મુદ્દા

નં. ૧ અને ૨ માટે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગમાં જીએડી/ઈએસટી/આર/૭૫૧,તા.૦૨/૦૯/૨૦૨૨ થી તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૮૨,તા.૦૭/૧૦/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી /ઈએસટી/આર/૮૬૫,તા.૦૭/૧૦/૨૦૨૨થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૬/૦૮/૨૦૨૨ ની આઈ.ડી.નં.૫૦૫ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે સબ–ફાયર ઓફિસરની ભરતી અન્વયે લેવામાં આવેલ પરીક્ષા લેનાર અધિકારીઓ/કર્મચારીઓની ઓળખ છતી થાય તેમ હોય માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ ૮ (૧)(જ) મુજબ આપી શકાય તેમ નથી. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૮૬૭, તા.૭૦/૧૦/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨ઃ૩૦ કલાકે હાજર રહેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રમેશ કે.જાંગીડ દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી , તેમજ પત્ર સંબંધિત લેખિતમાં જાણ કરવામાં આવેલ નથી. આમ પ્રથમ અપીલ અન્વયે અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ ન હોય, મધ્યસ્થ મહેકમ રીક્રુમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસાર માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૩૫
સુરત. તા.૨૧/૧૦/૨૦૨૨

(અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી રમેશ કે.જાંગીડ પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૭/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી બ્રિજેશ જયંતિભાઈ સાવલિયા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી બ્રિજેશ જયંતિભાઈ સાવલિયાની તા.૧૯/૧૧/૨૦૨૨ મુળ અરજી આઈ.ડી.નં.૭૭૧૩ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૨૨/૧૨/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૭.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૧૩,તા.૨૭/૧૨/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૨૧, તા.૨૮/૧૨/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૧૧૨૫,તા.૩૦/૧૨/૨૦૨૨

અરજદાર શ્રી બ્રિજેશ જયંતિભાઈ સાવલિયાની મુળ આઈ.ડી. નં.૭૭૧૩, તા.૧૯/૧૨/૨૦૨૨ જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ કચેરી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ મધ્યસ્થ મહેકમ ખાતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૨૧૬,તા.૦૭/૧૨/૨૦૨૨ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં મુદ્દા નં.૪ ની માહિતી માટે આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૯૭૫ થી નોંધાયેલ છે, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત મુદ્દા નં. ૪ની માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૩,તા.૧૫/૧૨/૨૦૨૨ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. અરજદારે ટપાલ મારફતે તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી ઈનવર્ડ નં.૨૦૬૧,તા.૨૨/૧૨/૨૦૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " આપના ધ્વારા માહિતી ન આપવાનું કારણ યોગ્ય નથી.વર્ષ ૨૦૨૧ માં ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસરની ભરતી માટેનું ડોકયુમેન્ટ વેરીફિકેશન થઈ ગયેલ હોવા છતાં તેમજ ૧ વર્ષ ઉપરાંતનો સમય ગાળો વિતેલ હોવા છતાં આપશ્રી ધ્વારા ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ દર્શાવીને માહિતી ન આપવાનું કારણ અયોગ્ય જણાય છે વધુમાં સદર ભરતી માટે ખોટા અનુભવ પત્ર તેમજ અનુભવ ન ધરાવનારા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને અનુભવ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે જો તે પ્રમાણપત્ર સ્વિકારી લેવામાં આવે તો ખરેખર લાયક ઉમેદવાર સાથે અન્યાય થાય તેમ હોય સદરહું બાબત ઉમેદવારની રોજગારી અને આજીવીકા સાથે સંકળાયેલ છે સદરહું માહિતી આપવા વિનંતી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " મુદ્દા નં. ૪ માં સુરત મહાનગર પાલિકા ધ્વારા વર્ષ ૨૦૨૧માં આપવામાં આવેલી ડેપ્યુટી એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસર તેમજ વર્ષ ૨૦૨૨ માં એસેસમેન્ટ એન્ડ રિકવરી ઓફિસરની જગ્યા માટેની જાહેરાતમાં સુરત મહાનગર પાલિકાના કર્મચારી ધ્વારા ઉમેદવારી કરવામાં આવે ત્યારે તેની અરજી મહેકમ ખાતા મારફતે કરવામાં આવતી હોય છે તો આ જાહેરાતમાં ઉમેદવારી નોંધાવેલ કર્મચારીને અનુભવ પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તેમજ જેની ચકાસણી આપશ્રીની શાખા ધ્વારા કરવામાં આવેલ છે તો આ અનુભવ પ્રમાણપત્રમાં સુરત મહાનગર પાલિકાના કર્મચારીઓએ તાલીમાર્થી (ટ્રેની) તરીકે કરેલ કામગીરીનો સમયગાળો અનુભવમાં ગણેલ હોય તેવુ અનુભવ પ્રમાણપત્ર રજુ કરેલ હોય તો આ

પ્રમાણપત્ર રજુ કરનાર કર્મચારીનું નામ અને હોદ્દાની વિગત વિગેરેની માંગણી કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૧૦૭૩,તા.૧૫/૧૨/૨૦૨૨ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૧૧૩,તા.૨૭/૧૨/૨૦૨૨ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી /ઈએસટી/આર/૧૧૨૧,તા.૨૮/૧૨/૨૦૨૨ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૯/૧૧/૨૦૨૨ ની આઈ.ડી.નં.૭૭૧૩ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે વર્ષ ૨૦૨૧ માં આપવામાં આવેલ ડે.એકાઉન્ટન્ટ અને પર્સોનેલ ઓફિસર તેમજ વર્ષ ૨૦૨૨ માં એસસમેન્ટ એન્ડ રિકવરી ઓફિસરની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોય, માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) મુજબ સદર માહિતી આપી શકાય નહિ. એમ જણાવવામાં આવેલ છે. તેમજ અપીલ અરજીમાં જણાવ્યા મુજબ મુદ્દા નં. ૧ થી ૩ માટે અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૧૭૫–૧,તા. ૦૯/૦૧/૨૦૨૩ થી તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૧૨૫,તા.૩૦/૧૨/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨:૩૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર) અને ડે.એકાઉન્ટન્ટ તથા જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી " મુદ્દા નં. ૪ બાબતે મળેલ માહિતી બાબતે સદર એકટ અન્વયે વધુ કઈ વિગત અંગેના દસ્તાવેજી પુરાવાની જરૂરિયાત ન હોય " એવુ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી બ્રિજેશ જયંતિભાઈ સાવલિયા દ્વારા તા. ૨૨/૧૨/૨૦૨૨ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ છે, સુનાવણી દરમ્યાન મુદ્દા નં. ૪ બાબતે મળેલ માહિતી બાબતે સદર એકટ અન્વયે વધુ કઈ વિગત અંગેના દસ્તાવેજી પુરાવાની જરૂરિયાત ન હોય એમ જણાવેલ છે. આમ, મધ્યસ્થ મહેકમ રીક્રુમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસાર માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૧૮૪
સુરત. તા. ૧૧/૦૧/૨૦૨૩

(અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી બ્રિજેશ જયંતિભાઈ સાવલિયા, પ્રતિ..... જાણ સારૂ.

અજય એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.) અને
ડે.એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૯/૨૦૨૨–૨૩**

**અરજદાર :–** શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ, મો.ઈકબાલ શેખ
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિની તા.૨૦/૦૧/૨૦૨૩ મુળ અરજી આઈ.ડી.નં.૨૩૫૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૭/૦૨/૨૦૨૩ ની અપીલ અરજી નં.૦૯.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૮૦,તા.૨૨/૦૨/૨૦૨૩.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૭૮, તા.૧૪/૦૩/૨૦૨૩.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/૧૪૯૬,તા.૧૫/૦૩/૨૦૨૩

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ,મો.ઈકબાલ શેખની મુળ આઈ.ડી. નં.૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોન ખાતે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૩૫૧,તા.૨૧/૦૧/૨૦૨૩થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં આંશિક/સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૩૬૭ થી નોંધાયેલ છે, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી જુદા જુદા ખાતાને લાગત હોય અત્રેથી નિયત નમુના–ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૯૮,તા.૦૪/૦૨/૨૦૨૩ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તા.૧૭/૦૨/૨૦૨૩ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી ૫પત્ર નં.સી./એફ.એ.પી./૫૦,તા.૧૭/૦૨/૨૦૨૩ થી અત્રેના વિભાગમાં સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે તા. ૨૧/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૫૫૦,તા.૨૧/૦૨/૨૦૨૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " માંગ્યા મુજબની માહિતી આપેલ નથી માહિતી જાણી જોઈને છુપાવવાનો આશ્રય માલુમ પડે છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " કમિશનરશ્રીને લખેલ આવેદન પત્ર તા.૨૧/૧૦/૨૦૨૨ અને તા.૧૨/૧૧/૨૦૨૨ (પ્રા.હેલ્થ વર્કર)ને ઈન્ક્રીમેન્ટ વિગેર મુદ્દા દર્શાવતી માહિતીની માંગણી કરવામાં આવેલ છે. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગને સ્પર્શતી ન હોય જે તે વિભાગને લાગત હોય તે વિવિધ વિભાગને અત્રેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ઘ પત્ર નં જીએડી/ઈએસટી/ આર/૧૨૯૮,તા.૦૪/૦૨/૨૦૨૩ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૩૮૦,તા.૨૨/૦૨/૨૦૨૩ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી /ઈએસટી/આર/૧૪૭૮,તા.૧૪/૦૩/૨૦૨૩થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૦/૦૧/૨૦૨૩ ની આઈ.ડી.નં.૨૩૫૧ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતેતે વિવિધ વિભાગને

અરજદારશ્રીની જાણ હેઠળ અત્રેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ઘ પત્ર નં જીએડી/ઈએસટી/ આર/૧૨૯૮,તા.૦૪/૦૨/૨૦૨૩ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૪૯૬,તા.૧૫/૦૩/૨૦૨૩ થી અરજદારશ્રીને તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨ઃ૩૦ કલાકે હાજર રહેલ નથી. તેમજ અરજદારશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણીના પત્ર સંબધે અન્ય કોઈ લેખિત રજુઆત કરેલ નથી .જેથી અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ નથી તેમ માની શકાય જેથી અરજદારની અપીલ પરત્વે વધુ કંઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, આર.ટી.આઈ એકટની જોગવાઈ મુજબ તેઓને આપવામાં આવેલ માહિતી વ્યાજબી અને યોગ્ય જણાય છે જેથી અરજદારની અપીલ પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી દેવેન્દ્ર એસ પ્રજાપતિ,મો.ઈકબાલ શેખ દ્વારા તા. ૧૭/૦૨/૨૦૨૩ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૧/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ સુનાવણીના પત્ર સંબધે અરજદાર હાજર રહેલ નથી, આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેથી આપવામાં આવેલ માહિતી યોગ્ય અને નીતિનિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય,સદર પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૫૧૩
સુરત. તા. ૨૦/૦૩/૨૦૨૩

( અજય એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર.)અને
ડે.એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.
(૨ ) શ્રી દેવેન્દ્ર એસ.પ્રજાપતિ,મો.ઈકબાલ શેખ,પ્રતિ..... જાણ સારૂ.